GJVD010052642023

અરજી રજુ તારીખ	૦૩/૦૮/૨૦૨૩		
અરજી દાખલ તારીખ	૦૩/૦૮/૨૦૨૩		
અરજી ફૈસલ તારીખ	૦૮/૦૮/૨૦૨૩		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૦	૦૦	૦૫

सत्यमेव जयते

મે.વડોદરાની ૧૨મી એડી. સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

આંક–

ફો.પરચુ. અરજ નં.૧૯૨૭/૨૦૨૩

અરજદાર :–
રાજવીરસીંગ ઉર્ફે રાજી ઉર્ફે રાજેન્દ્રસીંગ માનસીંગ ટાંક
રહે.ભાયલી ગામ, આકાર એપાર્ટમેન્ટ તળાવની પાસે
ઝુંપડામાં, શહેર વડોદરા.

વિરૂદ્ધ

સામાવાળા :–
શ્રી સરકાર

બાબત: **ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજ.**

અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ.વાય.મેમણ

સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી જે.એમ.કંસારા

:: જ જ મેન્ટ ::

૧. અરજદાર/આરોપી તરફે હાલની અરજી ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરી, **જે.પી.રોડ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૬૦૦૮૨૩૦૨૨૧/૨૦૨૩,** ઇ.પી.કોડની કલમ **૪૫૭, ૩૮૦, ૪૦૧, ૧૧૪** મુજબના કામે જયુ.કસ્ટડીમાં હોય હાલની અરજી જામીન ઉપર મુકત થવા માટે કરેલી છે.

૨. સદર કામમાં અરજદારની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, અરજદાર નિર્દોષ છે, સદર ગુનાના કામની એફ.આઇ.આર. જોવામાં આવે તો અરજદાર/આરોપી નુ કોઇ પણ જગ્યાંએ નામ નથી. ત.ક.અમલદારે માત્રને માત્ર અરજદારને તેઓની તપાસ પુર્ણ કરવા માટે ખોટી રીતના તેઓને સદર ગુનાના કામે કોઇ આરોપી મળી ન આવતા અનડીટેકટ ગુનાને ડીટેકટ કરી તેઓને ખોટી રીતે આરોપી બનાવવામાં આવેલ છે. ફરીયાદમાં જણાવ્યાં મુજબનો કોઇ જ મુદ્દામાલ અરજદાર/આરોપી પાસેથી મળી આવેલ નથી. અરજદારને માત્ર શંકાના આધારે આરોપી બનાવેલ છે.સદર કામની ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય જાયતેમ છે. અરજદાર પરિવાર સાથે તેમના પત્ની અને બાળકો તથા વૃદ્ધ માતાપિતા સાથે અરજીના મથાળે દર્શાવેલ સરનામે વસવાટ કરે છે. નાશી ભાગી જાય તેમ નથી. જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. ઉપરોક્ત તમામ સંજોગોમાં અરજદારને જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે. જ્યારે અરજીની હકિકત રેકર્ડનો એક ભાગ હોય, અરજીની હકીકતોનુ પુનર્વતન કરવામાં આવતુ નથી.

૩. અરજી અન્વયે સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એમ.કંસારા ઉપસ્થિત થયેલ છે અને ગુન્હાની તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થઇ આંક–૦૪ થી સોગંદનામુ રજુ કરેલ છે. આ સોગંદનામામાં મુખ્યત્વે આ કામના આરોપીએ તથા સહઆરોપીઓએ તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ વહેલી સવારના પાંચેક વાગ્યાના સુમારે મો.સા. લઇને ફરીયાદીની સુનિતા સોસાયટીમાં પ્રવેશ કરી ફરીયાદી અનિલ રામલાલ અગ્રવાલના મકાનનો દરવાજાનો નકુચોતોડી દરવાજાની સ્ટોપરખોલી ઘરમાં પ્રવેશ કરી મકાનનાબેડરૂમમાં તથા જમણી સાઇડના મંદિરવાળા રૂમમાં તિજોરીમાંથી સોનાની વસ્તુઓ તથા ચાંદીની વસ્તુઓ તથા આશરે રૂ.૩,૦૦,૦૦૦/– રોકડા મળી કુલ રૂ.૬,૭૪,૫૦૦/– ની ચોરી કરી લઇ જઇ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ છે, આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો તે નાશી ભાગી જશે, તેમજ તપાસ ચાલુ હોય કેસને નુકશાન થાય તેમ હોય, આ અરજદાર/આરોપી વિરૂદ્ધ સોગંદનામામાં કોલમ નં.૩૨ માં દર્શાવ્યાં અનુસારના ૧૪ ગુન્હાઓ નોંધાયેલા

હોય અને અરજદાર રીઢા ગુનેગાર હોય જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૪. આ કામ સુનાવણી માટે રાખવામાં આવતા અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી **એમ.વાય.મેમણ** એ તેમની વિદ્વતાપુર્ણ દલીલમાં અદાલતનું ધ્યાન અરજીમાં જણાવેલ હકીકત તરફ દોરી જણાવેલ છે કે, ફરીયાદ અજાણ્યા ઈસમ વિરૂદ્ધ આપવામાં આવેલ છે અને ફરીયાદમાં આરોપીનું કોઈ નામ ઠામ કે વર્ણન દર્શાવવામાં આવેલ નથી. આ કામના અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ નથી. અરજદારે ગુન્હામાં કોઈ જ ભાગ ભજવેલ નથી કે અરજદારે કોઈ ચોરી કરેલ નથી અને અરજદારને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી તેમના ઘરના એકમાત્ર કમાનાર સભ્ય છે. જો લાંબો સમય તેમને જેલમાં રાખવામાં આવશે તો તેમના કુટુંબને ભુખ્યા મરવાનો સમય આવશે. જ્યારે હાલના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા પણ જ્યુડીશીયલ મેજીસ્ટ્રટની કોર્ટને છે તેમજ ક્યાય નાસી ભાગી જાય તેમ નથી. તેવા સંજોગોમાં નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનુ તેઓ પાલન કરશે. જેથી, અરજદાર તર્ફે તેમની દલીલોના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **સંજય ચંદ્રા વિરૂદ્ધ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન ૨૦૧૨ (૧) એસસીસી ૪૦** તથા **ક્રિમીનલ અપીલ નં.૧૫૩/૨૦૨૦ પ્રભાકર તિવારી વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. અને બીજા** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

૫. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી **જે.એમ.કંસારા** એ તપાસ કરનાર અમલદારના સોગંદનામા ઉપર આધાર રાખી મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આરોપી વિરુદ્ધ ગંભીર પ્રકારના ગુન્હાનો પ્રથમ દર્શનીય આરોપ હોય તેમજ આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો આરોપી ફરીથી આવા પ્રકારના ગુન્હામાં સંડોવવાની શક્યતા નકારી શકાય તેમ ન હોય તેમજ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરે તેમ હોય, તેમજ આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો આરોપી નાશી ભાગી જાય તેમ હોય તેમજ ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર નહી રહે તો ટ્રાયલ ચાવવામાં વિલબ થાય તેમ હોય, અરજદાર રીઢા ગુનેગાર છે અને અરજદાર/આરોપી વિરૂદ્ધ આવા જ પ્રકારના અન્ય અલગ અલગ

પો.સ્ટે.માં ઘણા ગુન્હાઓ પણ નોંધાયેલા છે, આરોપીની જામીન અરજી રદ્ધ કરવા અરજ કરેલ છે.

૬. આમ, ઉપરોક્ત તમામ હકિકત, બંને પક્ષોની દલીલો તેમજ ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં, અરજદાર વિરુદ્ધ **માંજલપુર પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૬૦૦૩૨૩૦૨૪૫ /૨૦૨૩,** ઈ.પી.કોડની કલમ **૪૫૭, ૩૮૦, ૪૦૧, ૧૧૪** મુજબના ગુન્હાના આરોપ છે. અરજદાર/આરોપી વિરૂદ્ધનો આક્ષેપ ધ્યાને લીધો. અરજદાર આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ ૪૦૧ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. અરજદાર/આરોપીની ગુન્હામાં પ્રથમ દર્શનીય સંડોવણી જણાઈ આવે છે, આ ગુન્હાની હાલ તપાસ પેન્ડીંગ છે અને અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તપાસને અવળી અસર થઈ શકે તેમ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આધાર રાખે નામ. સર્વોચ્ચ અદાલતના **ક્રિમીનલ અપીલ નં.૧૫૩/૨૦૨૦ પ્રભાકર તિવારી વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. અને બીજા** ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતો માનસહ વંચાણે લેતાં આરોપી ઉપર અસંખ્ય ગુન્હા પેન્ડીંગ હોય તે એકમાત્ર કારણસર જામીન અરજી નામંજુર કરી શકાય નહીં, પરંતુ હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપી વિરૂદ્ધ પ્રથમ દર્શનીય આરોપ હોઈ તેમજ તપાસ પેન્ડીંગ હોય તેથી આરોપીને જામીન મુક્ત કરવા યોગ્ય જણાઈ આવતુ ન હોઈ, હાલની અરજી સંદર્ભે નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>:: હુ ક મ ::</u>

અરજદાર/આરોપી **રાજવીરસીંગ ઉર્ફે રાજી ઉર્ફે રાજેન્દ્રસીંગ માનસીંગ ટાંક** ની હાલની રેગ્યુલર જામીન અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ :૦૮મી, માહે : ઓગષ્ટ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૮/૦૮/૨૦૨૩
વડોદરા.

(અતુલકુમાર શ્રવણભાઈ પાટીલ)
૧૨ માં એડી.સેશન્સ જજ
વડોદરા.
કોડ નં.જીજે૦૦૮૩૬